ક્રમાંક : જમન/૨૯-એ/બ/ ૬૩૧૫-૨૭ /૨૦૧૪-૧૫

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી

ગુજરાત રાજય

અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩ જો માળ,
ગાંધીનગર તા : ૨૧/૦૩/૨૦૧૬.

વિષય : Dicversion of 0.998 ha of Forest land for Environment rejuvenation of Tithal sea front Valsad.

સંદર્ભ : મુખ્ય વન સંરક્ષકશ્રી, વલસાડના પત્ર ક્રમાંક :
અ/જમન/૧૪/૩૯૦૦-૦૧, તા.૧૫/૦૩/૨૦૧૬.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે સંદર્ભ-૧ દર્શિત આપના પત્રથી વન સંરક્ષણ ધારા ૧૯૮૦ હેઠળ ની દરખાસ્ત અત્રે સાદરા કરવામાં આવેલ છે. સદરહુ દરખાસ્તની ચકાસણી કરતાં તેમાં અધુરાશ હોઇ નીચેના મુદ્દાઓ ની પુર્તતા કરી અત્રે અહેવાલ સાદર કરવા વિનંતી છે.

(૧) પ્રસ્તુત દરખાસ્તમાં વળતર વનીકરણના જીઓ રેફરેન્સ મેપ, ટોપોશીટ મેપ અને કે.એમ.એલ ફાઇલ ને બદલે ડાયવર્ઝન એરીયાના મેપ અપલોડ કરવામાં આવેલ છે જેથી વળતર વનીકરણના મેપ ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

(૨) દરખાસ્તમાં વળતર વનીકરણની સ્કીમ સામેલ રાખવામાં આવેલ નથી જેથી વળતર વનીકરણ સ્કીમ સામેલ રાખવાની રહેશે.

(૩) નાયબ વન સંરક્ષકશ્રી એ અપલોડ કરવાના થતા પાર્ટ-૨ ફોર્મને બદલે ઓન લાઇન પોર્ટલ પર ડીવીઝન ઓફીસનો ફોરવર્ડીંગ લેટર અપલોડ કરવામાં આવેલ છે જેથી પાર્ટ-૨ ફોર્મ ઓન લાઇન અપલોડ કરવાનુ રહેશે.

(૪) પાન નં- ૬૭ પર સામેલ સાઈટ ઇન્સપેક્શન રીપોર્ટમાં સ્થળ પર કામગીરી કરવામાં આવેલ નથી તેમ દર્શાવેલ છે જ્યારે દરખાસ્તમાં પીનલ વળતર વનીકરણની સ્કીમ સામેલ રાખવામાં આવેલ છે જે અંગે સ્પષ્ટતા કરવાની રહેશે.

(૫) દરખાસ્ત રીઝર્વ ફોરેસ્ટના ઉપયોગ બાબતની હોઇ નકશા પર અન્ય બે કે ત્રણ વૈકલ્પીક રૂટ દર્શાવી પસંદ કરેલ રૂટનુ જસ્ટીફીકેશન રજુ કરવાનુ રહેશે. .

(૬) ભારત સરકારશ્રી ની સુચના મુજબ રીક્લેમેશન પ્લાન અને રીહેબીલીટેશન પ્લાન એમ બે પ્રમાણપત્ર દરખાસ્તમાં સામેલ રાખવાના રહેશે.

(૭) ઓન લાઇન પોર્ટલ પર પીનલ વળતર વનીકરણની સ્કીમ અપલોડ કરવામાં આવેલ છે જેથી પોર્ટલ પર વળતર વનીકરણની સ્કીમ ઓન લાઇન અપલોડ કરવાની રહેશે.

વધુમાં વારંવાર સુચના અપવા છતાં પણ આપની દરખાસ્તોમાં એક જ પ્રકારની ભુલોનુ પુનરાવર્તન કરવામાં આવે છે જે સારી બાબત ન ગણી શકાય જેથી હવે પછી આવી ભુલો નુ પુનરાવર્તન ન થાય તે બાબતે ખાસ કાળજી લેવા વિનંતી છે. આ સાથે દરખાસ્તની તમામ નકલો જરૂરી પુર્તતા સારૂ પરત કરવામાં આવે છે.

( એ. કે. સક્શેના )
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

21-03-16

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,